ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Dst Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

<u>ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ</u>
<u>અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.</u>

Date : 1~~4~~5th December, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
......................................................................,
ભાવનગર.

ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસન રામાનુજનના ૧૩૩ મી જન્મ જયંતિ અને ૧૦૦ માં પુણ્યતિથિ વર્ષ
અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા
Story Telling on 'The Story of Maths Human' અને 'જાદુઈ ચોરસ' મેકિંગ વર્કશોપનું આયોજન

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ગણિત, વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર અને ટેકનોલોજીને વધુ લોક ભોગ્ય બનવા માટે વિવિધ વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓના જન્મ દિવસની ઉજવણી વર્ષ દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૨ મી ડિસેમ્બર એટલે ભારતના પ્રખર ગણિતશાસ્ત્રી, જેમના નામનો ડંકો તેમના મૃત્યુના ૧૦૦ વર્ષ બાદ પણ પૂરા વિશ્વમાં આજે પણ વાગી રહ્યો છે, તેવા શ્રી શ્રીનિવાસન રામાનુજનનો જન્મ દિવસ. રામાનુજન માટે 'The man who knew infinity' શબ્દ વાપરવામાં આવે છે કારણ કે, માત્ર 33 વર્ષના ટૂંકા જીવનકાળ દરમ્યાન ગણિતના સર્વોચ્ચ શિખર પર પોતાની બુધિમત્તાથી પોતાનું અડગ સ્થાન જમાવી લીધું, જે આજે ઓપન 'Infinity' એટલે કે અનંત છે.

ભારતના આ મહાન ગણિત શાસ્ત્રીના ૧૩૩ મી જન્મ જયંતિ અને ૧૦૦ માં મૃત્યુ વર્ષ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા શ્રીનિવાસન રામાનુજનના જીવન ચરિત્ર પરની <u>Story Telling on "The Story of Maths Human : Known - Unknown Facts"</u> નું નિદર્શન અને તેમના દ્વારા બનાવામાં આવેલ 'જાદુઈ ચોરસ' મેકિંગ વર્કશોપનું તા.૨૨-૧૨-૨૦૨૦નાં રોજ બે સેશનમાં આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં ભાગ લેવા જોડવા ઈચ્છતા ધોરણ ૭ થી ૧૦ ના બાળકોએ પોતાના નામની નોંધણી <u>www.krcscbhavnagar.org</u> / upcoming events પર કરવાની રહેશે.

**ખાસ નોંધ :** ૪૫ ની કેપેસીટી વાળા હોલમાં ફક્ત ૧૫ બાળકોને જ એન્ટ્રી આપવામાં આવશે. આમ દિવસ દરમ્યાન કુલ બે સેશન ગોઠવવામાં આવેલ છે. જેમાં રજીસ્ટ્રેશનના પ્રથમ 30 બાળકોને જ બોલવામાં આવશે. કોવીડ-૧૯ ની ગાઈડ લાઈનનું સખ્તપણે પાલન કરવાનું રહેશે.

15-12-2020

(હર્ષદ જોષી) 4 PM
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.